
# સ્વચ્છતા હી સેવા ૨૦૨૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશ વ્યાપી સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ કર્યો.તેના ભાગ રૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન અંતર્ગત આપણે પણ આ કામમાં સહભાગી બનવા માટે વિવિધ પ્રવુતિઓનું આયોજન કર્યું હતું જેનો વિસ્તૃત અહેવાલ નીચે મુજબ છે.

ગાંધીજયંતી નિમિત્તે ઓનલાઈન વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાર્થીઓ એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા વિષય પર પોતાના વિચારો મુક્તપણે રજૂ કર્યા હતા. જેમાં નિર્ણાયક તરીકે ની ભૂમિકા જાગૃતિ બેન મેહતા,મીનાબેન રાઠોડ,શૈલેશભાઈ વણકર નિભાવી હતી. વકૃત્વ સ્પર્ધામાં ઇનામ વિજેતા ક્રમાંકમાં પ્રથમ ક્રમે કડિયા રાજવી વિજયકુમાર,બીજા ક્રમે સતાણી કાજલ નારણભાઈ,ત્રીજા ક્રમે ગેરૈયા અક્ષય ધનશ્યામભાઈ,ચોથા ક્રમે રાઠોડ પીનાલી તથા પાંચમાં ક્રમે ઉભાડિયા હિતેશ જી. આવ્યા હતા.



યુનિવર્સિટી ના પ્રાગણની  સાફ સફાઈ તથા તમામ ડીપાર્ટમેન્ટ ની સાફ સફાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી ના પ્રાગણની  સાફ સફાઈ સાથે સાથે યુનિવર્સિટી ના તમામ ડીપાર્ટમેન્ટની સાફ સફાઈ અને સુશોભિત કરવામાં આવ્યા હતા.





Scanned with OKEN Scanner






દત્તક લીધેલા ગામની શાળા જાસપુરમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવેલ હતું. જાસપુર ગામની શાળાને સાથે જોડી તારીખ ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા ના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જે મુજબ કાર્યક્રમની શરૂઆત ૧૨.30 કલાકે કરવામાં આવી હતી. નીચેના વિષયો પર ઉપરોક્ત ત્રણ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. મારી શાળા સ્વચ્છ શાળા, મારું ગામ સ્વચ્છ ગામ, મારું ભારત સ્વચ્છ ભારત, સ્વચ્છ સ્વભાવ સ્વચ્છ સમાજ, સ્વચ્છ જીવન નો આધાર- શારીરિક સ્વચ્છતા. જેમાં કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગ ના પ્રાધ્યાપકો ડૉ.ધનરાજ ગઢવી ,શ્રી અંકિત જોષી તથા શ્રી માનસી ખટીક દ્વારા કાર્યક્રમ માં નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. ગામની શાળા ના વિધાર્થીઓએ  ઉત્સાહપૂર્વક સ્પર્ધા માં ભાગ લઈને સ્વચ્છતા ને ધ્યાનમાં રાખીને ખૂબ જ સરસ સંદેશ લોકો સુધી પહોંચાડવા નો પ્રયત્ન કર્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.જેમાં નીચે દર્શાવ્યા મુજબ યુનિવર્સિટી દ્વારા વિધાર્થીઓને ઈનામ થી બિરદાવવામાં આવ્યા હતા.

| ક્રમ | ચિત્ર સ્પર્ધા | નિબંધ લેખન સ્પર્ધા | વકૃત્વ સ્પર્ધા |
|---|---|---|---|
| પ્રથમ ક્રમાંક | ઠાકોર જાનકી | રબારી કિશન | શર્મા તીર્થ |
| દ્વિતીય ક્રમાંક | ગોહિલ નંદિની | આચાર્ય કાવ્ય | હિમાની |
| તૃતીય ક્રમાંક | ઠાકોર રોનક | જયશ્રી કનુજી | દંતાની જયેશ |





સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અંતર્ગત અભિયાનમાં જોડાઈને સ્વચ્છતા નો સંદેશ લોકો સુધી પહોંચે એવી અનેક પ્રવુંર્તિઓ ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના પરિવાર દ્વારા કરવામાં આવેલ હતી.